ઓશો : માનવતા અને પૃથ્વી

જો દુનિયા એ બચવુ હોય તો, પહેલી વાત કે દેશો એ મટી જવુ પડશે, બીજુ ધર્મો એ મટી જવુ પડશે, એક માનવતા પર્યાપ્ત છે, આ ભારત અને ઈંગ્લેન્ડ અને જર્મનીની જરૂર નથી. એક ધાર્મિકતા જ પર્યાપ્ત છે : ધ્યાન, સત્ય, પ્રેમ, પ્રમાણિકતા, સચ્ચાઇ જેને કોઇ નામની જરૂર નથી, હિન્દુ-ઇસાઇ- મુસલમાન - ફક્ત એક ધાર્મિકતા એક ગુણવત્તા જેમાં કોઇ સંગઠીત નથી, જે ક્ષણે સંગઠન આવે છે ત્યાં હિંસા થશે, કારણ કે ત્યાં બીજા સંગઠનો દ્વંદ ઉત્પન્ન શકાય છે. તેઓ વધુ લીલાછમ થઇ શકે છે. નદીઓમાં અલગ પ્રકારના અવરોધ બનાવી શકાય. જેથી ગરીબ દેશોમાં પૂર ન આવે, તે જ જળ વધારે વિદ્યુત ઉત્પન્ન કરી શકશે, જેનાથી હજારો ગામોમાં રાત્રે પ્રકાશ અને ઠંડીની રાતોમાં ઉષ્મા મળી શકશે. આ સરળ હકીકત છે. આ દેશોનું કાર્ય ઘણુ સામાન્ય રહી જશે. રેલ્વે, પોસ્ટ ઓફિસ, આંતરિક વ્યવસ્થાને જાળવવા માટે પોલીસ વ્યવસ્થા. કોઇ સેનાઓની જરૂર નથી. લાખો લોકો સેનાઓમાં વ્યસ્ત છે જેનો કોઇ ઉપયોગ નથી. તેવા લોકોને

હાલ વિજ્ઞાન સક્ષમ છે કે જો તે વધુ યુદ્ધની સામગ્રી નિર્માણ ના કરે તો આ પૃથ્વી ઉપર જેટલા લોકો છે તેના કરતા પાંચ ગણા વધારે લોકો માટે ભોજન ઉત્પન્ન કરી શકે છે અને તેઓ ઉલ્લાસથી જીવી શકશે લોકો માટે વધારે મકાન બનાવી શકશે

કરશે. આપણને એવા અંગત લોકોની જરૂર છે જેઓ કોઇ પણ સંગઠન વિના મળી શકે છે, જેમનામાં એક જેવી ભાવના હોય, એક જેવો આનંદ, પ્રફૂલ્લતા હોય. પરંતુ ત્યાં કોઇપણ પ્રકારનું સંગઠન, ઉંચ-નીચ નોકરશાહી નહીં હોવી જોઇએ. પ્રથમ દેશ, બીજો ધર્મ અને ત્રીજુ વિજ્ઞાન જે બધી જ રીતે શ્રેષ્ઠ જીવન, અધિક જીવન, સારી પ્રતિભા, વધુ સૃજન ને સમર્પીત હોય નહીં કે વધુ યુદ્ધ ઉત્પન્ન કરવા માટે અધિક વિધ્વંસ પેદા કરવા માટે હોય. જો આ ત્રણ વસ્તુઓ સંભવ થઇ શકે તો સંપૂર્ણ માનવતાને પોતાના જ ધર્મો, રાજનિતી, સમાજના નેતાઓના સંપૂર્ણ વિનાશથી બચાવી શકાશે. એક તરફથી શુભ છે કે આ કટોકટીની ક્ષણ છે, કારણ કે તે લોકોને પસંદગી માટે બાધ્ય કરશે. તમે મૃત્યુ ઇચ્છો છો અથવા તમે એક નવુ જીવન જીવવા માંગો છો? અતિતના માટે મરો જે પણ વિરાસતમાં મળ્યુ છે તેને ભૂંસી દો અને નવી શરૂઆત કરો. જેવી રીતે કે તમે પૃથ્વી ઉપર પહેલી વખત ઉતર્યા છો અને ત્યારે પ્રકૃતિ સાથે એવુ કાર્ય કરો જે મિત્ર જેવુ હોય, શત્રુ જેવુ નહીં હોય અને તુરંત જ પર્યાવરણ જૈવિક ઇકાઇની જેમ કાર્ય કરવા લાગશે. પૃથ્વીને લીલુછમ કરવું અઘરૂ નથી, જો ઘણા બધા વૃક્ષનું નિકંદન થયુ હોય, તો બીજા વધુ વૃક્ષ રોપી શકાય છે અને વૈજ્ઞાનિક મદદથી તેને અધિક તીવ્રતાથી વિકસીત કરી

ઓશો વાણી

સૃજનાત્મક કળા, ખેતી, બાગ-બગીચા માટે રાખી શકાય અને તે પ્રશિક્ષિત લોકો હશે તેઓ જેવુ કાર્ય કરી શકે તેવુ અન્ય લોકો નહીં કરી શકે. સેના ઘણી શક્રિતાપૂર્વક અને સરળતાથી પુલનું નિર્માણ કરી શકશે, લોકો માટે વધારે મકાન બનાવી શકશે. હાલ વિજ્ઞાન સક્ષમ છે કે જો તે વધુ યુદ્ધની સામગ્રી નિર્માણ ના કરે તો આ પૃથ્વી ઉપર જેટલા લોકો છે તેના કરતા પાંચ ગણા વધારે લોકો માટે ભોજન ઉત્પન્ન કરી શકે છે અને તેઓ ઉલ્લાસથી જીવી શકશે. લોકો વગર ભૂખ અને બીમારીઓથી પીડીત થયા વિના આનંદથી જીવી શકશે, પરંતુ વિજ્ઞાન દેશોના હાથોથી મુક્ત હોવુ જોઇએ. જે વૈજ્ઞાનિકો યુદ્ધ સામગ્રી બનાવવામાં કાર્ય કરી રહી છે, વૈજ્ઞાનિકો કેદીઓની જેમ કાર્ય કરી રહ્યા છે. હુ ઇચ્છુ છું કે.. આખી દુનિયાને ખબર પડે કે જો તમે એક થવા માટે તૈયાર નહીં હોવ તો આ ગ્રહથી વિદાય થવા માટે તૈયાર રહેજો, પરંતુ હું આશા કરુ છું કે અહીં એવા પ્રતિભાશાળી લોકો છે જે બચવા માંગે છે જે ઇચ્છે છે કે પૃથ્વી ગ્રહ વધુ સુંદર રીતે વિકસીત થાય માનવતાની પ્રતિભા વધુ વિકસીત થાય મને ભય છે કે કદાચ આખી માનવતા દરેક ક્ષણ આવતી મુશ્કેલીઓના પ્રત્યે સચેત નથી.

ઓશો : હરી ઓમ તત્સત પુસ્તકમાંથી સૌજન્ય : ઓશો ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે.

॥ રાવણ ગાથા ॥

આ પણા ધર્મશાસ્ત્રો જ્ઞાન, વિજ્ઞાન અને આધ્યાત્મિક દૃષ્ટિએ હંમેશા શ્રેષ્ઠ રહ્યાં છે. વેદ-પુરાણો સામાન્ય જનને સમજવા માટે થોડા ગુઢ છે પણ મહાભારત અને રામાયણ એ બે મહાકાવ્યોમાં પણ ગુઢ રહસ્યો છતાં સમજવા સરળ રહ્યાં છે. મહાભારતના ભીષ્મપર્વમાં અધ્યાય ૨૫ થી ૪૨ માં કુરુક્ષેત્રના મેદાનમાં શ્રીકૃષ્ણ દ્વારા અર્જુનને આપેલા મહાન ઉપદેશ થકી શ્રીમદ્ ભગવદ્ ગીતાનો ઉદ્ભવ થયો છે. પાંચ હજાર વર્ષ પહેલા ઉદ્ભવેલી ભગવદ્ ગીતા આપણા જીવન સાથે આજે પણ જોડાયેલી છે. રામાયણ વિશે અને ભગવાન શ્રી રામ વિશે ઘણું લખાયું છે, પણ આ મહાકાવ્યના એટલાં જ મહત્ત્વપૂર્ણ મહાબલી રાવણ વિશે ઓછું લખાયુ છે કારણ કે કુપાત્રને લોકો બહુ યાદ નથી કરતાં. જો કે લંકેશ રાજા રાવણ જન્મે એક બ્રાહ્મણ હતો. તેના અસૂરી કર્મોને કારણે બદનામ હતો. એ એટલો શક્તિશાળી અને જ્ઞાની હતો કે જો એના કર્મ સારા હોત તો એ સર્વત્ર દેવોની જેમ પૂજાતો હોત. જો કે જો અને તો ની અસમંજસમાં પડ્યા વગર આજે દશાનન રાજા રાવણને જ કેન્દ્રમાં રાખી વાતો કરીએ. જેમ આપણે ભગવાન રામના પરિવારથી પરિચિત છીએ તેમ રાવણના પરિવાર અને કર્મોથી થોડા પરિચિત થઈએ.

આપણે રાવણને રામાયણ થકી ઓળખીએ છીએ, પણ બળવાન, મહાપરાક્રમી અને જ્ઞાની રાવણનો પદ્મપુરાણ, શ્રીમદ્ ભાગવત પુરાણ, કુર્મપુરાણ, મહાભારત અને દશાવતાર ચરિત્ર જેવા અન્ય ધર્મગ્રંથોમાં વિવિધ પ્રકારે ઉલ્લેખ જોવા મળે છે. બ્રહ્માજીના માનસપુત્ર મહર્ષિ પુલસ્ત્ય તથા હવિર્ભુવાના પુત્ર મહર્ષિ વિશ્રવાએ રાક્ષસરાજ સુમાલી અને કૈતુમતીની પુત્રી કૈકસી સાથે વિવાહ કર્યા હતાં. જો કે એ ઉપરાંત મહર્ષિ વિશ્રવાની રાકા તથા વરવર્ણિની નામની અન્ય બે પત્ની પણ હતી. કૈકસી થકી મહર્ષિ વિશ્રવાને પાંચ સંતાન હતા જેમાં રાવણ, કુંભકર્ણ, વિભીષણ અને એક બહેન શૂર્પણખા અને બીજી કુંભીની હતી. વિશ્રવાને રાકા નામની પત્ની થકી અહિરાવણ અને મહિરાવણ નામના બે જોડીયા સંતાન હતાં, ઉપરાંત ખર અને દુષણ નામના અન્ય બે પુત્ર હતાં તો વરવર્ણિની નામની પત્ની થકી એક પુત્ર કુબેર હતો. મતલબ રાવણ એ સગા અને સાવકા ભાઇ-બહેન સાથે મહર્ષિ વિશ્રવાના દસ સંતાનો હતાં. મહર્ષિ વિશ્રવા એ રાક્ષસરાજ સુમાલીની પુત્રી

સંસ્કૃતિ દર્શન
સનત દવે

સાથે વિવાહ કર્યા હતાં ત્યારથી જ તેનું દેવત્વનું તેજ ઓછું થતાં સંતાનોમાં અસૂરીના લક્ષણો આવ્યા હતા. એ સમયે અસૂરો દેવોની કઠિન તપશ્ચર્યા કરીને વરદાન માંગી અસૂરીશક્તિનો દેવો સામે જ પ્રયોગ કરતા.

રાવણ મૂળ બ્રાહ્મણપુત્ર એટલે અનેક વિવિધ વિદ્યાઓમાં ખૂબ જ્ઞાની હતો પણ મોસાળપક્ષનું અસૂરી-તત્વ પણ એના લોહીમાં ભળેલું એટલે દંભી, અભિમાની અને શક્તિશાળી હતો. તપશ્ચર્યા કરીને બ્રહ્માજી પાસેથી મેળવેલી શક્તિ દ્વારા દેવતાઓને પરાજીત કરી સ્વર્ગ પર કબ્જો જમાવેલ. તેની અપાર શક્તિથી પ્રભાવિત અસૂરરાજ મયાસૂરે તેની જ્ઞાની પુત્રી મંદોદરીને રાવણ સાથે પરણાવી હતી. અત્યંત બુદ્ધિમાન અને પતિવ્રતા મંદોદરીનું વિખ્યાત પાંચ સતીઓ સાથે સન્માનપૂર્વક નામ લેવાય છે. મંદોદરી ઉપરાંત રાવણની બીજી બે પત્ની હતી. એક દમ્યમાલિની અને અન્ય એક પત્ની હોવાનો ધર્મગ્રંથોમાં ઉલ્લેખ છે પણ નામ કોઇ ગ્રંથમાં મળતું નથી.

મંદોદરી થકી રાવણને મેઘનાદ (ઇન્દ્રજીત) અને અક્ષયકુમાર એમ બે પુત્ર હતાં તો દમ્યમાલિની થકી અતિકાય, ત્રિશિરા અને ત્રીજી પત્ની થકી પ્રહસ્થા, નરાંતક અને દેવાંતક નામના પુત્રો હતાં. રાવણનો પુત્ર ઇન્દ્રજીત ખૂબ બળવાન અને માયાવી શક્તિવાળો હતો પણ રામસેના સામેના યુદ્ધમાં શેષનાગના અવતાર લક્ષ્મણજીએ ઇન્દ્રજીત અને અતિકાયનો વધ કરેલો. મંદોદરીના નાના પુત્ર અક્ષયકુમાર, ત્રિશિરા અને દેવાંતકનો વધ શિવજીના અંશાવતાર મહાબલિ હનુમાનજીએ કરેલો તો રાવણ નરાંતક નામના પુત્રનો વધ વાનરરાજ વાલિના શક્તિશાળી પુત્ર અંગદે કરેલો. રાવણની સેનામાં અતિ શક્તિશાળી અને માયાવી અસૂરો હતા. યુધ્ધમાં ઇન્દ્રજીત અને કુંભકર્ણના મૃત્યુ પછી રાવણ બદલાની આગમાં ધગધગી રહ્યો હતો. મહોદર, વિરૂપાક્ષ અને મહાપાર્શ્વ જેવા રાક્ષસોને લઈને યુદ્ધભૂમિમાં પહોંચેલા રાવણનું રામ સાથેનું યુદ્ધ ૩૨ દિવસ ચાલ્યુ હતું. રાવણ સાથેના અસૂરોને તો સુગ્રીવ અને અંગદ જ બહાદુરીપૂર્વક સામનો કરી મોતને ઘાટ ઉતારી દીધેલા. જ્યારે રાવણનું મોત રામના હાથે થયેલું.

રાવણે અમરત્વ પામવા અનેકવાર કઠોર તપશ્ચર્યા કરેલી પણ બ્રહ્માજીએ અમરત્વનું વરદાન આપવાનો ઇન્કાર કરી એક અમૃતકુંભ તેની નાભિમાં ગોઠવી આપી કહ્યું કે આ અમૃતકુંભને માત્ર અગ્નિબાણ જ ભેદી શકશે અને આ અગ્નિબાણ માત્ર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ (શિવ) પાસે જ છે તેથી આ ત્રિદેવ સાથે દુશ્મની ક્યારેય ના કરતો, પણ રાવણને એટલાથી સંતોષ ના થતા તેણે વરદાન માગ્યું કે સ્વર્ગના દેવી-દેવતાઓ, યક્ષ, ગાંધારી, કિન્નરો અને કોઇપણ અસૂરોથી મારૂ મોત ના થાય એવું વરદાન આપો અને બ્રહ્માજીએ તથાસ્તુ કહી દીધુ પણ પછી ત્રણેય લોકમાં રાવણના હાહાકારથી વિષ્ણુ ભગવાને રામ સ્વરૂપે માનવ અવતાર ધારણ કરવો પડ્યો.

મહાબલી રાવણ બાળપણથી તેની કુશાગ્ર બુદ્ધિને લીધે ચારે વેદનું જ્ઞાન પ્રાપ્ત કરેલ અને યુવાવસ્થામાં પરદાદા બ્રહ્માજીની તપશ્ચર્યા દ્વારા પ્રાપ્ત શક્તિનું અભિમાન ઘણું હતું. સહસ્ત્રબાહુ અર્જુન નામના રાજાએ ધનુર્વિદ્યાના બળે બાણોથી નદી પર નગરજનોને પાણી મળી રહે એટલે બંધ બાંધેલો અને એકવાર રાવણ એ બાજુથી પસાર થયો ત્યારે બાણોનો બંધ જોઇ પોતાની શક્તિ બતાવવા એક બાણ મારીને બંધ તોડી નાખ્યો. સહસ્ત્રબાહુ અર્જુનને ખબર પડતા તેણે આવીને રાવણ સાથે યુદ્ધ

રાવણના દાદા પુલસ્ત્યને ખબર પડતા તેણે સંદેશો મોકલ્યો કે રાવણ યુવાન છે અને યુવાવસ્થાની ભૂલ કરી છે તો માફ કરીને છોડી દો અને ત્યારે રાવણનો છૂટકારો થયેલો

કરીને રાવણને હરાવીને બંદી બનાવી જેલમાં પુરી દીધેલો. રાવણના દાદા પુલસ્ત્યને ખબર પડતા તેણે સંદેશો મોકલ્યો કે રાવણ યુવાન છે અને આ યુવાવસ્થાની ભૂલ કરી છે તો માફ કરીને છોડી દો અને ત્યારે રાવણનો છૂટકારો થયેલો. રાવણે પોતાના કરતા પણ કોઇ બળવાન હોય છે તેવા ઘમંડમાંથી ફરી અધિક શક્તિ માટે તપશ્ચર્યા કરી માયાવી શક્તિઓ મેળવી હતી.

એવું જ એકવાર વાનરરાજ વાલિ સંધ્યા પૂજા કરતો હતો ત્યારે ત્યાં આવીને પોતાની શક્તિના ઘમંડમાં વાલિની મજાક ઉડાવીને લાત મારીને પૂજાની સામગ્રી ફેંકી દેતા વાલિને ક્રોધ આવ્યો તેમણે રાવણ સાથે યુદ્ધ કરી તેને હરાવીને બગલમાં દબાવી દીધો. શાસ્ત્રોમાં એવુ વર્ણન જોવા મળે છે કે છ મહિના સુધી બગલમાં દબાવી રહેલો રાવણ એકવાર બગલની પકડ ઓછી થતા તેની પકડમાંથી મુક્ત થઇને ભાગી ગયો હતો. તેવા શક્તિશાળી વાલિનો પુત્ર અંગદ, ભાઇ સુગ્રીવ ઉપરાંત કેસરીનંદન હનુમાન, રીંછરાજ જામવંત, નળ, નીલ, અશ્વીની કુમારના બહાદુર પુત્રો દ્વિવેદ અને વિનંત, ઉપરાંત વાનર યોદ્ધા કેસરી, ગવય, ગવાક્ષ અને ઋષભ જેવા પરાક્રમીઓ રામસેનામાં હતાં અને રામ-રાવણના યુદ્ધ દરમ્યાન રાવણના શક્તિશાળી અને માયાવી અસૂરોનો સંહાર તેઓએ કર્યો હતો. રામાયણનું ધ્યાનપૂર્વક અધ્યયન કરવાથી આ બધા પાત્રોનો ઉલ્લેખ જોવા-જાણવા મળે છે.

રાવણને તેની શક્તિનું ઘમંડ અનેકવાર ભંગ થયુ હતું છતાં પોતે અમર હોવાની ભ્રાંતિથી શ્રી રામના હાથે હણાયો હતો. શક્તિના ઘમંડમાં સ્વર્ગ જીત્યા પછી પણ સ્વર્ગમાં રહેવાનું પસંદ નહોતુ આવ્યું અને સ્વર્ગથી પાછા ફરતા સોના જેવી ચમકતી કુબેરની નગરી જોતા મોહિત થતાં જ કુબેરને એ નગરી તેમને આપી દેવા જણાવ્યું તો કુબેરે પિતા વિશ્રવાને વાત કરી ત્યારે પિતાએ યુદ્ધ ટાળવા કહ્યું કે રાવણ માને તેવો છે નહીં તેથી તેને એ નગર આપીને તમે હિમાલય ક્ષેત્રમાં અલકાપુરી નામનું નગર વસાવો. ત્યાં કોઇ પરેશાન નહીં કરે કારણ કે ત્યાં દેવાધિદેવ મહાદેવનું સ્થાન છે. આમ રાવણે ત્રિકુટ પર્વત પરની લંકાનગરી તેમજ કુબેરનું પુષ્પક વિમાન અને અન્ય ત્રણ વિમાનો પડાવી લીધેલા.

અભિમાની, ઘમંડી દશાશન લંકેશ રાજા રાવણના પુતળાનું આપણે પ્રતિ વર્ષ દશેરા પર દહન કરીએ છીએ પણ દક્ષિણ ભારતના કેટલાક ક્ષેત્રોમાં રાવણદહન થતું નથી પણ એ એક પ્રખર શિવભક્ત હતો અને જ્ઞાની પણ હતો તેથી તેની અચ્છાઇઓને સ્વીકારી તેની પૂજા પણ થાય છે. આંધ્રપ્રદેશના કાકીનાડા જિલ્લામાં તેનું મંદિર છે જ્યાં દૂધથી રાવણની પ્રતિમાને સ્નાન કરાવી પૂજા કરાય છે. ઉત્તરપ્રદેશના કાનપુરમાં પણ રાવણનું એક મંદિર એવુ છે જે દશેરાને દિવસે જ ખુલે છે અને પૂજા-અર્ચના કરાય છે. મધ્યપ્રદેશ-ઉત્તરપ્રદેશના કેટલાક આદિવાસી વિસ્તારો મેલઘાટ તથા ગઢ ચિરોલી જેવા સ્થળો રાવણ સાથે ઇન્દ્રજીતની પણ પૂજા થતી જોવા મળે છે. રાવણ સંહિતા અને શિવ તાંડવના રચયિતા રાવણને મધ્યપ્રદેશના વિદિશા તેમજ ઇન્દોરના વાલ્મિકી સમાજ અને કન્યાકુબ્જ બ્રાહ્મણો ભગવાન માની પૂજે છે. રાવણની પત્ની મંદોદરી રાજસ્થાનના જોધપુરની હોવાની માન્યતા છે તેથી અહીંના ચાંદપોલ વિસ્તારમાં એક શિવાલયમાં રાવણની મૂર્તિ પણ પ્રસ્થાપિત છે અને પૂજાય છે. અહીં કદી રાવણદહન નથી કરાતું.

॥ કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ॥

લેખાંક-૭૦

વૃન્દાવનમાં સ્થળાંતરની પૂર્વભૂમિકા

શ્રી કૃષ્ણ અને બળરામ બાલ્યાવસ્થાને વ્યતીત કરીને છ વર્ષના થયા. બળરામને શ્યામ વસ્ત્રો પહેરવાનો અને શ્રીકૃષ્ણને પીળા વસ્ત્રો પહેરવાનો શોખ થયો. ઘટાદાર ઝુલ્ફોથી શોભતા બંને ભાઈઓ વાછરડા ચરાવવા વનમાં જવા માંડ્યા. જ્યારે વાછરડાઓ ચરતા હોય ત્યારે બંને ભાઈઓ અને અન્ય ગોપ-ગોપીઓ કોઈ વખત વાજા વગાડતા, કોઈ વખત પાંદડાઓના સમુહને ગોઠવીને પથારી બનાવતા, કોઈ વખત મલ્લ જેવું યુદ્ધ કરતા, કોઈ વખત વનમાં બેઠા બેઠા પુષ્પોની માળા ગૂંથતા અને થાક લાગે ત્યારે ઝાડની શીતળ છાયા નીચે મીઠી નિંદ્રા લઈ લેતા અને આ રીતે વનમાં પ્રવૃત્તિ કરતા. નટખટ સ્વભાવથી કોઈ વખત કમળોની ટોપી પહેરતા, વાછરડાઓને બાંધવાની દોરીને જનોઈ બનાવી પહેરતા, મોરપીંછ ભેગા કરી તેના અલંકાર બનાવતા. રમતમાં જ્યારે ખૂબ આસક્ત હોય ત્યારે નહાવાનું અને જમવાનું પણ ભૂલી જતા. કોઈ વખતે માતા-પિતા જાતે બોલાવવા આવે ત્યારે જ યમુના કિનારેથી ઘરે આવતા. રમતા રમતા ખૂબ ગરમી લાગે ત્યારે યમુનાના શીતળ જળમાં સ્નાન કરી લેતા અને તરવાની હરીફાઈ લગાવતા, જેમાં બીજા બાળકોને હરાવી દેતા.

ચૌદ બ્રહ્માંડના પાલક હોવા છતાં પણ વાછરડાઓના પાલક બનેલા, શિંકા અને લાકડી વગેરે ગોપ જાતિઓને લગતી સામગ્રીઓને ધારણ કરતા અને સાથે આવનારા મિત્ર બાળકો સાથે અનેક વિનોદ કરતા શ્રીકૃષ્ણ અને બળરામ, દરરોજ સાંજે વાછરડાઓને વનમાંથી પાછા વાળીને વ્રજમાં આવતા. આ રીતે મજાક, મસ્તી, આનંદ, પ્રમોદમાં શ્રીકૃષ્ણનું બાળપણ પસાર થઈ રહ્યું હતું. પરંતુ આ સમય દરમ્યાન કંસ શાંત બેઠો ન હતો. શ્રીકૃષ્ણને મારવા માટે કોઈક ને કોઈક ગોઠવણ કર્યા કરતો હતો, વધુ ઉપદ્રવી બની રહ્યો હતો અને ઉત્પાત મચાવી રહ્યો હતો.

વ્રજમાં પૂતનાની ઘટનાથી માંડીને વારંવાર થતા ઉત્પાતોના કારણે વિચારમાં પડેલા અને વનમાં પશુઓના વધારે પડતા ઉપદ્રવથી કંટાળેલા નંદ અને અન્ય વૃદ્ધ ગોવાળિયાઓ એક દિવસ નંદના અધ્યક્ષસ્થાને ગામના ચોરા પાસે ભેગા મળ્યા અને વ્રજના રક્ષણ કરવા માટેના ઉપાયો વિચારવા માંડ્યા. ત્યારે દેશ, કાળ અને અર્થના તત્વને જાણનારો, શ્રીકૃષ્ણ અને બળદેવનું હિત ઇચ્છનારો અને ઉંમરમાં તેમજ જ્ઞાનમાં પણ બધા કરતા શ્રેષ્ઠ રહેલો, 'ઉપનંદ' નામનો ગોવાળ સલાહ આપતા બોલ્યો કે, "હવે આ વનમાં આપણાથી રહી શકાય તેમ નથી. ઘાસ અને લાકડાઓ ખૂટવા આવ્યા છે. ઘટાદાર વૃક્ષોની ડાળીઓ પણ કપાઈ કપાઈને આકાશ જેવી ખુલ્લી થઈ ગઈ છે. ગાયોના વાડાઓમાં પણ જે મોટા મોટા વૃક્ષો હતા, તે પણ કપાઈને તેમાના ઘણા લાકડા આપણા ઘરો બનાવવાના અને બળતણના કામમાં વપરાઈ ગયા છે. ગોકુળના જે પ્રદેશોમાં ઘાસ અને લાકડાના ટુકડાઓ પૂરતા પ્રમાણમાં મળતા હતા, તે વિસ્તારો પણ હવે ખેડાઈ જવાને કારણે ઘાસ અને લાકડા પ્રાપ્ત

કરવા માટે ખૂબ દૂર સુધી જવું પડે છે. જંગલમાં આપણા પશુઓને વિશ્રામની જગ્યા પણ શોધવાથી માંડ મળે છે. અત્યાર સુધી વ્રજમાં ઘાસ, લાકડા કે શાક વગેરે વેચવાની રીત નહોતી. ફક્ત વિનિમયથી બધું મળતું હતું. પરંતુ હવે વ્રજમાં પણ શહેરીકરણની અસર દેખાવા માંડી છે. વૃક્ષો ઠુંઠા થઈ જવાથી પક્ષીઓનો કોલાહલ પણ હવે સંભળાતો નથી.

છાયા વગરનું અને શીતળ પવન વગરનું જંગલ હવે સ્વાદ વગરના ભોજન જેવું લાગે છે. કોઈ કોઈ પ્રદેશમાં થોડુ ખડ-ઘાસ જોવા મળે છે. પરંતુ તે પણ ગાયોના છાણથી એવા ખરાબ થઈ ગયા છે, કે ગાયો તેમાં ચરતી નથી અને કદાચ ચરે તો પણ ગાયના દૂધ માટે તે યોગ્ય નથી. હંમેશા ઘાસ અને વૃક્ષોથી ભરપૂર રહેતા જંગલમાં ફરનારાઓને હવે આવું જંગલ ક્યાંથી અનુકુળ આવે?"

ઉપનંદ આગળ કહ્યું કે, "એ સ્વાભાવિક છે કે આપણી લાગણીથી આપણે આ તમામ દુઃખો સહન કરીને પણ આપણું રહેઠાણ છોડતા નથી, પરંતુ હવે વિચારવાનો સમય આવી ગયો છે. નાના બાળકો પણ અહીં સલામત નથી. નંદનો પુત્ર કે જે ભવિષ્યનો આપણો અધિપતિ છે, તેણે પણ કેટલા બધા ઉત્પાતો સહન કર્યા? પૂતનાએ ઝેર ધવડાવ્યું હતું તેમાંથી બચતા આવ્યા છે. ભવિષ્યમાં હજુ પણ મોટા ઉત્પાતો આવવાની શક્યતા રહેલી છે, ત્યારે વારંવાર કોણ બચાવશે? માટે જો સહુની મરજી હોય, તો આપણે પરિવાર અને રાચરચીલા સાથે બીજા ઠેકાણે સ્થળાંતર કરી જઈએ અને ત્યાં

ચૌદ બ્રહ્માંડના પાલક હોવા છતાં પણ વાછરડાઓના પાલક બનેલા, શિંકા અને લાકડી વગેરે ગોપ જાતિઓને લગતી સામગ્રીઓને ધારણ કરતા અને સાથે આવનારા મિત્રબાળકો સાથે અનેક વિનોદ કરતા શ્રીકૃષ્ણ અને બળરામ, દરરોજ સાંજે વાછરડાઓને વનમાંથી પાછા વાળીને વ્રજમાં આવતા

બીજું વ્રજ વસાવીએ. મારા ધ્યાનમાં અહીંથી દૂર યમુનાના કિનારા પર 'વૃંદાવન' નામનું વન છે. તેમાં ઘાસ, પાણી અને ઝાડ પુષ્કળ છે. ફળો બહુ જ મીઠા થાય છે. કદમ્બના વૃક્ષો પણ ઘણા છે. સર્પ, વીંછી કે કાનખજુરા વગેરે પણ ત્યાં નથી. હિંસક પશુઓનો ત્યાં કોઈ ભય નથી. દરેક ઋતુઓ ત્યાં સુખકારી રહે છે અને પવન તથા છાયા શીતળ અને સ્નિગ્ધ રહે છે. અંદરના પ્રદેશો પણ ખૂબ રમણીય છે, તેથી ગોપીઓને પણ હરવા ફરવાની પણ મજા પડે તેવું છે. એ વનની અંદર યમુના નદી જાણે વનભૂમિનો સેંથો પાડતી હોય તેમ તેની મધ્યમાંથી પસાર થાય છે. માટે જો સહુનો વિચાર હોય અને બધા એક થઈને તૈયાર થાય, તો આપણે તે સ્થળમાં જઈને વસીએ. લાંબા શિખરોવાળો 'ગોવર્ધન' નામનો પર્વત ત્યાંથી થોડો જ દૂર છે. 'ભાંડીર' નામનો મોટો વડ પણ ત્યાં છે. 'ગોવર્ધન', 'ભાંડીર', 'યમુના' અને 'વૃંદાવનનો લીલોછમ પ્રદેશ' આપણા પરિવારજનોને પણ ખૂબ ગમશે. મને તો આ કસ વગરના ઉપદ્રવી બની ગયેલા પ્રદેશને છોડીને ત્યાં જ સ્થાયી થવાનું હવે યોગ્ય લાગે છે."

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

કમશ..